**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૨ ટકા

# સ્વચ્છ શહેર માટે સશક્ત સંકલ્પો

**મહાનગરપાલિકાના કર્મચારીઓ ગાંધીનગર માટે નવા વર્ષે સંકલ્પ દ્વારા વિચાર વ્યકત કરે છે કે આવનાર વર્ષમાં ગાંધીનગર ગુજરાતનું પ્રથમ સ્વચ્છ શહેર બને તેવી કામગીરી હાથ ધરાશે, શહેરના બસ સ્ટેન્ડને રીનોવેટ કરાય તેવો વિચાર, એનિમલ હોસ્ટેલ બનાવવાનો વિચાર, બગીચાઓ યોગ્ય રીતે ઉભા કરવાની વ્યવસ્થાનો વિચાર સતત નગરજનોના પ્રશ્નોના નિરાકરણ માટે પડખે ઉભા રહેવાની વાત**

ગાંધીનગર, તા.૨

● ગાંધીનગરના પ્રથમ નાગરિક તરીકે ગાંધીનગરના તમામ નાગરિકની મૂળભૂત



જરૂરિયાત કે જે મહાનગરપાલિકાના અંતર્ગત હોય તેવી દરેક જરૂરિયાતો સમયસર પરિપૂર્ણ થાય તેવા મારા પ્રયત્નો રહેશે. હાલ ગાંધીનગરમાં સ્વચ્છતાનો દોર ચાલુ હોવાથી ગાંધીનગર સ્વચ્છતા માટે ગુજરાતનું પ્રથમ શહેર રહે તેવો મારો પ્રયત્ન છે. ગાંધીનગરની જનતાની સુખાકારી માટે વર્ષ દરમિયાન તેમની નાની નાની દરેક સમસ્યાઓનું તાત્કાલિક પરિણામ મળે અને પરિપૂર્ણ થાય તેવો મારો વર્ષ દરમિયાન પ્રયત્ન રહેશે.

**- રીટાબેન પટેલ (મેયર, મહાનગરપાલિકા)**

● આવનાર વર્ષમાં ગાંધીનગર માટે મેં વિચાર્યું છે કે ગાંધીનગરમાં કચરો ભેગો ન થાય, બાયોવેસ્ટની કામગીરી શરૂ કરવાનો વિચાર, સરકાર તરફથી મંજુરી મળે તો બસ સ્ટોપના રીનોવેશનની કામગીરી, હોટલ વેસ્ટ અલગ એકત્રિત કરી સીધું ખાતર બને



તે પ્રોસેસ શરુ કરીશું, હું આ સિવાય એનિમલ હોસ્ટેલ કરવાનું પણ વિચારી રહ્યો છું જયાં માલિકી વિહોણી ગાયોને રાખી શકાય.

**- દેવેન્દ્રસિંહ ચાવડા (સ્ટેન્ડીંગ કમિટી, ચેરમેન)**

● મહાનગરપાલિકાના અધિકારી તરીકે ગાંધીનગરના વસાહતીઓની મૂળભૂત જરૂરિયાતમાં જે ખૂટતી બાબતો હોય તેમાં જે કાંઈ પણ સુખ સુવિધાઓ ઉભી કરી શકાય તે



કરવાનો પ્રયત્ન કરીશ. ગાંધીનગરને હરિયાળુ બનાવવા માટે હાલ જે કાંઈ પણ બગીચાઓ યોગ્ય સ્થિતિમાં નથી તે તમામ બગીચાઓને યોગ્ય રીતે ફરીથી ઉભા કરી ખાસ રહેણાંક નજીકમાં બાળકો અને વડીલોને રીફરેશમેન્ટ માટેનું યોય સ્થળ ઉભું કરવાનો પ્રયત્ન કરીશ.

**- ભરતભાઈ પંડયા (સીટી ઈજનેર)**

● આવનાર વર્ષમાં પાણી અને રસ્તાથી માંડી દરેકમાં નવા બજેટમાં વેરો ન વધારે તેનો વિરોધ કરીશું. પ્રજા માટેનો વધારાનો કોઈ વેરો નહીં વધવા દઈએ. ગાંધીનગરમાં હજી ભૂવા છે તેના માટે લડત કરીશું. દબાણની નિતી નક્કી નથી તે માટે સરકાર સામે લડીશું. સામાન્ય જનતાને મદદ કરીશું. ચોખ્ખા પાણીની સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરીશું. ગાંધીનગરની પ્રજાને સ્માર્ટ સીટી



નહી સ્માર્ટ વહીવટ જોઈએ છે.

**- શૈલેન્દ્રસિંહ બિહોલા (વિપક્ષ નેતા)**

● આવનાર નવું વર્ષ ગાંધીનગરની જનતા માટે સુખ અને સમૃધ્ધિથી ભરપૂર રહે તેવી પ્રભુને પ્રાર્થના. હું મારા શહેરીજનો માટે સતત તેમના પ્રશ્નો અને તેમની સમસ્યાઓના નિરાકરણ માટે તેમના પડખે હર



હંમેશ ઉભી રહીશ તથા ગાંધીનગર શહેર અને શહેરની જનતાના પ્રગતિના કાર્યો કરીશ તેમની બધી પાયાની જરૂરિયાતોને પૂર્ણ કરવા સતત પ્રયત્નશીલ રહીશ.

**- હિરલબેન જોષી (કોર્પોરેટર વોર્ડ-૭)**

# વધુ રૈન બસેરા સ્થાપવા સંસ્થાઓને જાગૃત નાગરિક પરિષદની અપીલ

ગાંધીનગર, તા.૨

ઝૂંપડપટ્ટીના વિકલ્પ તરીકે મજૂરો માટે રાત્રી આશ્રયો ઊભા કરવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ તેમજ ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશનની સતત માંગણીને સરકારે અનુમતિ આપી છે અને પ્રથમ રૈન બસેરાનું ગાંધીનગરના કુડાસણ ખાતે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જાગૃત નાગરિક પરિષદે આ માટે સરકારશ્રી તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાનો આભાર માનતાં જણાવ્યું છે કે સ્માર્ટ સિટીની દિશામાં મહાનગર પાલિકાનો આ નિર્ણય મહત્ત્વનો બની રહેશે. આ પ્રથમ રૈન બસેરાના નિર્માણનું કાર્ય ઝડપથી હાથ ધરવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી છે.

ગુજરાતની રાજધાનીના આ શહેરમાં ખૂબ વિશાળ સંખ્યામાં કન્સ્ટ્રકશનના કામો ઝડપથી ચાલી રહ્યા છે અને તેના પર હજારો શ્રમજીવીઓ કામ કરી રહ્યા છે તે જોતાં કેપિટલ પરિસરમાં વધુ રૈન બસેરા સ્થાપવાની જરૂરિયાત છે. આ માટે કન્સ્ટ્રકશન ક્ષેત્રના એસોસિએશનો ગિહેડ અને ક્રેડાઈને રૈન બસેરા સ્થાપવાની સામાજિક અને કાયદાકીય જવાબદારી સ્વીકારવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી છે . આ માટે ગુડા પણ આગળ વધીને અસ્થાયી મજૂર આવાસો સ્થાપશે તો તે આવકાર્ય બની રહેશે.

જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકમાં ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયેશનના પ્રમુખ ભાનુકાન્ત પી . પરમારનું આભાર દર્શન કરવામાં આવ્યું હતું, જેમણે આ પ્રશ્ને સતત પુરુષાર્થ કર્યો હતો ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે તેના તારીખ ૨- ૫- ૨૦૧૬ અને તારીખ ૨૧-૮ - ૨૦૧૮ ના ઠરાવથી ગાંધીનગરમાં રૈન બસેરા સ્થાપવા માગણી કરી હતી, જેને ભાનુકાન્ત પરમારે સતત અનુમોદન અને માર્ગદર્શન આપ્યા હતા.

રાજયના પ્રશ્નો અંગે ચિંતન અને અનુભવ દ્વારા રચનાત્મક માર્ગો સૂચવતી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની આ બેઠકમાં સર્વ એચ. બી. વરિયા, જ્યોતીન્દ્ર દવે, ભાનુપસાદ પુરાણી, એસ ડી આર.મલિક, નિરંજનભાઈ ઓઝા, સુમંતભાઈ શાહ, દશરથભાઈ પરમાર, રાજેન્દ્રભાઈ પારેખ, જીવણલાલ પરમાર, હસમુખભાઈ ઠાકર વગેરેએ ઉપસ્થિત રહી મહત્વના સૂચનો કર્યા હતા.



શિયાળો એટલે શરીરને સ્વસ્થ બનાવવાનો અવસર... જાતભાતના શાકભાજીથી માંડીને અવનવાં વસાણા આરોગી આખુ વર્ષ નિરોગી રહેવાનો પ્રયાસ શિયાળાના ત્રણ-ચાર મહિનામાં જ થાય છે. વળી સૌથી સારી બાબત એ છે કે આ ઋતુ દરમ્યાન શાકભાજી-ફ્રૂટ સહિતની ચીજવસ્તુઓ ખુબ સસ્તી મળી રહે છે. હાલમાં બજારોમાં સંતરા, જામફળ, મોસંબી, દાડમ ભરપુર માત્રામાં માર્કેટમાં ખડકાયા છે. બજારમાં નજર કરો તો રંગબેરંગી ફ્રુટ અને શાકભાજી આંખોને ઠારે છે.

## સંગીની ફોરમ મહિલા ટીમે સંગીની ક્રિકેટ લીગ ૨૦૧૯માં ભાગ લીધો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સંગીની ફોરમની મહિલા ટીમ દ્વારા જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન ગુજરાત રીજીયન આયોજીત સંગીની ક્રિકેટ લીગ ૨૦૧૯માં ભાગ લેવામાં આવ્યો હતો. નવસારી ખાતે યોજાયેલ આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સમગ્ર ગુજરાત રીજીયનમાંથી ટીમો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરની ટીમે પ્રથમ રાઉન્ડ જીતી બીજા અને સેમિફાઈનલ રાઉન્ડમાં ખૂબ



લડત આપી હતી. આ સ્પર્ધામાં સંગીની ફોરમ ગાંધીનગરના પ્રમુખ જાગૃતિબેન સંઘવી, સંગીની કો ઓર્ડીનટેર નિતિકાબેન શાહ તથા કેપ્ટન તરીકે જાગૃતિ કે. શાહ, વાઈસ કેપ્ટન તરીકે અમીષા શાહ, વિકેટકીપર તરીકે કક્ષા સાથે શિલ્પા શાહ, ધ્વનિ શાહ, નમ્રતા શાહ, રૂપા શાહ, હેતલ શાહ, સરલા મીંડા, ઈશિતા શાહ, જલ્પા શાહ અને શ્રધ્ધા શાહ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર તથા સંગીની ફોરમ ગાંધીનગરના તમામ સભ્યો દ્વારા તેમની આ ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



ગાંધીનગરના સેકટર-૨૨ ખાતે સ્થિત સરકારી આયુર્વેદ હોસ્પિટલને દાતાઓ વિક્રમસિંહ પરમાર તથા રાજેન્દ્રસિંહ પરમારના સહયોગથી દર્દીઓની સુવિધા માટે બે વ્હિલચેરનું દાન આપવામાં આવ્યું છે. જેને ફરજ પરના વૈદ્ય પંચકર્મ ડૉ.રાકેશ ભટ્ટ સહિતના સ્ટાફે સ્વીકાર્યું હતું.

## આવતીકાલે ટાઉનહોલમાં 'સૂરવંદના' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે આગામી તા. ૪થી જાન્યુઆરી, શનિવારના રોજ પૃથ્વીરાજસિંહ એસ. રાઠોડ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના સહયોગથી રાત્રે ૮.૩૦ કલાકે હિન્દી ફિલ્મોના ગીતોના લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંગીત નાટય અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને સભ્ય સચિવ જયોતિષ ભટ્ટ ઉપરાંત શહેરના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના અનેક મહાનુભાવો અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં અમદાવાદના જાણીતા સંગીતકાર દેવાંગ કોષ્ટિના લાઈવ ઓરકેસ્ટ્રાના સથવારે મુખ્ય કલાકારો સતુભા રાઠોડ અને પૂર્ણા ભટ્ટ સહિત શહેરના અનેક ઉગતા કલાકારો તેમનુ પરફોર્મન્સ આપશે. આ કાર્યક્રમમાં શહેરના સંગીત રસિકોને વિના મૂલ્યે વહેલા તે પહેલાના ધોરણે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાષ્ટ્રીય કક્ષાની મુલ્કી સેવા બેડમિન્ટન ટૂર્નામેન્ટનું રંગેચંગે સમાપન

**દેશભરમાંથી ૪૩ ટીમના ૬૨૨ ખેલાડીઓએ ભાગ લીધો : ગુજરાત સચિવાલય ટીમને 'બેસ્ટ ફેર પ્લે' એવોર્ડ : વરિષ્ઠ ખેલાડી કે.એ. વર્ગિસને લાઈફ ટાઈમ એવોર્ડથી સન્માનિત કરાયાં**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતોના સચિવાલય જીમખાના ખાતે આજે સામાન્ય વહીવટી વિભાગના અગ્ર સચિવ કમલ દયાણીની ઉપસ્થિતિમાં ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીઝ બેડમિન્ટન ટૂર્નામેન્ટ ૨૦૧૯-૨૦નું સમાપન થયું હતું. રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધાના સમાપને યુવા, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અગ્રસચિવ સી.વી. સોમ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રિજીયોનલ ડાયરેકટર પી.કે. રાઘવ તથા માર્ગ સલામતી વિભાગના કમિશનર લલિત પાડલિયા સહિત અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમાપન સમારંભમાં વિજેતા ટીમ ખેલાડીઓને સન્માનિત કરવા સાથે ગુજરાત સચિવાલય ટીમને 'બેસ્ટ ફેર પ્લે એવોર્ડ'ની ટ્રોફીથી તથા વરિષ્ઠ ખેલાડી કે.એ. વર્ગિસને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સચિવાલય જીમખાના ઉપરાંત શહેરના સેકટર-૧૫ ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાઈ સંકુલ ખાતે રમાયેલી રાષ્ટ્રીય કક્ષાની આ ટૂર્નામેન્ટમાં દેશભરમાંથી ૪૩ ટીમ પૈકી જેમાં ૨૧ રાજયો અને ૧૭ રિજીયોનલ સ્પોર્ટસ બોર્ડ સાથે ૫ કેન્દ્રીય શાસિત પ્રદેશની ટીમોના કુલ મળીને ૬૨૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ટીમ ઈવેન્ટમાં પુરુષોમાં ચંદીગઢની ટીમે પ્રથમ, હૈદરાબાદની ટીમે દ્વિતિય અને મુંબઈની ટીમે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે મહિલાઓમાં મુંબઈની ટીમે પ્રથમ, સેન્ટ્રલ સેક્રેટરિયેટની ટીમે દ્વિતિય અને ચંદીગઢની ટીમે તૃતીય સ્થાન મેળવ્યું છે.

આ ઉપરાંત વ્યકિતગત રમતોમાં પુરુષ વિભાગ સિંગલ્સમાં પ્રથમ સ્થાનો ચેન્નઈના શ્રેયાંસ જયસ્વાલ, દ્વિતિય સ્થાને ઉત્તરાખંડના મોહિત તિવારી અને તૃતીય સ્થાનો ઈન્દોરના ગૌરવ પરમાર જયારે મહિલા વિભાગમાં સિંગલ્સમાં બેંગ્લોરના રિયા પિલ્લાઈ પ્રથમ સ્થાને, દ્વિતિય સ્થાને સેન્નઈના સારા નકવી અને તૃતીય સ્થાનો ચંદીગઢના દિક્ષા ચૌધરી વિજેતા બન્યા છે. પુરુષ ડબલ્સમાં પ્રથમ સ્થાનો સેન્ટ્રલ સેક્રેટરિયેટના હિમાંશુ સરોહા અને તુષાર શર્મા, દ્વિતિય સ્થાને ચેન્નઈના મોહમદ રોશન ઝમીર તથા એ.એસ. સુબ્રમણ્ય તથા તૃતીય સ્થાનો ચેન્નઈના એમ.આર. મણીખંડન અને આર. મોહમ્મદ રેહાનની જોડી વિજેતા બની છે. મહિલા ડબલ્સમાં રાંચીની ડી. સુધાકલ્યાણી અને નિંગશી હઝારિકા, દ્વિતિય સ્થાને ચેન્નઈની એગ્ના એન્ટો અને સારા નકવી તથા તૃતીય સ્થાને ફરિદાબાદની જાગૃતિ નેશિયર અને જયોતિ વિજેતા બન્યા હતા. મિકસ્ડ ડબલ્સમાં પ્રથમ ક્રમે તુષાર શર્મા અને દિક્ષા ચૌધરીની જોડી, દ્વિતિય ક્રમે વિનયકુમાર અને ડી. સુધાકલ્યાણીની જોડી જયારે તૃતીય સ્થાનો ગૌરવ અને સરુણીની જોડી વિજેતા બની છે.

ટૂર્નામેન્ટમાં રમાયેલી ૪૫થી વધુ વયના પુરુષોની સ્પર્ધામાં સિંગલ્સમાં પ્રથમ સ્થાને સેન્ટ્રલના વિજય શર્મા, દ્વિતિય ક્રમે ચંદીગઢના ડૉ. બુડી પ્રકાશમૂર્તિ તથા તૃતીય સ્થાને સેન્ટ્રલના રાજીવ શર્મા વિજેતા બન્યા છે. જયારે ડબલ્સમાં પ્રથમ ક્રમે સેન્ટ્રલના પંકજ અને રાજીવ શર્મા, દ્વિતિય સ્થાનો પોંડિચેરીના એની બેજાગને અને રાજકુમાર તથા તૃતીય સ્થાનો મહારાષ્ટ્રના અર્જુન ગુંડે તથા રવિ કોલ્ગેની જોડી વિજેતા બની છે. મહિલાઓ માટે ૪૦થી વધુ વય જુથ માટે રમાયેલી સ્પર્ધામાં સિંગલ્સમાં પ્રથમ ક્રમે ચંદીગઢના સંગીતા રાજગોપાલન, દ્વિતિય સ્થાને હરિયાણાના સુનિતાકુમારી તથા તૃતીય સ્થાનો મહારાષ્ટ્રના ફરોગ મુકદમ વિજેતા બન્યા છે. જયારે ડબલ્સમાં પ્રથમ ક્રમે સંગીતા રાજગોપાલન અને શિખા ખંડુરી, દ્વિતિય ક્રમે ડૉ. પ્રિયા રાવ અને મનિષી સિંધ તથા તૃતીય સ્થાનો જયશ્રી અને રાજેશ્વરી એન.એ.ની જોડી વિજેતા બની છે. આ સાથે પુરુષોના ૪૫થી વધુ વયના અને મહિલાઓના ૪૦થી વધુ વયના ખેલાડીઓની મિકસ્ડ ડબલ્સ કેટેગરીમાં પ્રથમ ક્રમે ડૉ. બુડી પ્રકાશ મૂર્તિ અને મનિષી સિંધની જોડી, દ્વિતિય ક્રમે સત્યવ્રત બી અને ભાવના શર્માની જોડી તથા તૃતીય ક્રમે રાજીવ શર્મા તથા સંગીત રાજગોપાલનની જોડી વિજેતા બની છે.

## કુડાસણ પાસે મોલમાંથી બે મહિલા ચોરી કરતા રંગેહાથ ઝડપાઈ

ગાંધીનગર, તા.૨

આજકાલ મોલમાં પણ અવાર-નવાર ચોરીની ઘટનાઓ સામે આવે છે. ત્યારે કુડાસણ વિસ્તારમાં આવેલા મોલમાંથી અઠવાડીયા અગાઉ રૂ. બે હજારની ચીજવસ્તુઓની ચોરી થવા પામી હતી. જેને પગલે મોલ સંચાલકોએ સીસીટીવી ચેક કરતા બે મહિલાઓ ચોરી કરતી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ત્યારે સંચાલકોએ તમામ સ્ટાફને આ બે મહિલાઓ સીસીટીવી કેમેરામાં બતાવી બીજીવાર મોલમાં આવે તો જાણ કરવા જણાવ્યું હતું. ત્યારે આજે આ બે મહિલા ફરીવાર મોલમાં પ્રવેશી હતી. મહિલાઓ મોલમાં પ્રવેશતા જ તેમની ઓળખાણ થઈ જતા તેમની પાછળ સંચાલકો દ્વારા તેમની નજર ન પડે તે રીતે સ્ટાફને સજ્જ કરી દેવાયો હતો. જેને પગલે કુડાસણમાં આવેલા આ મોલમાં આજે બે પ્રોઢ વયની મહિલાઓ ચોરી કરતા રંગેહાથ પકડાઈ ગઈ હતી. બંન્ને મહિલાઓ ચોરી કરતા પકડાઈ જતા રડવા લાગી હતી અને કાકલુદી કરતી નજરે પડી હતી. આ બનાવ અંગે હજુ સુધી કોઈ પોલીસ ફરીયાદ નોંધાઈ નથી.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**સબ કુશલ મંગલ**
૧૦.૦૫, ૧.૦૦, ૩.૫૦, ૧૦.૧૫

**ગુડ ન્યુઝ**
૧૦.૪૫, ૧.૪૦, ૨.૪૦, ૪.૩૫, ૭.૩૦, ૧૦.૨૫

**દબંગ-૩**
૧૧.૨૦, ૨.૧૦, ૫.૪૦, ૯.૦૦

**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૯.૩૦, ૫.૩૫, ૧૦.૩૫

**મર્દાની-૨** - ૮.૧૫

**પતિ પત્નિ ઔર વો**
૨.૫૦

**હેલ્લારો** - ૧૨.૧૦

**જી (ગુજરાતી)**
૭.૪૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**સબ કુશલ મંગલ**
૧૦.૩૫, ૪.૨૦, ૭.૨૦, ૧૦.૦૫

**ભંગરા પાલે**
૧૦.૨૫, ૧.૩૦, ૭.૧૫, ૧૦.૧૫

**જી (ગુજરાતી)**
૪.૩૦

**હેલ્લારો (ગુજરાતી)**
૨.૦૫, ૭.૨૦

**ગુડ ન્યુઝ**
૯.૦૫, ૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૦, ૧.૪૦, ૩.૩૫, ૪.૩૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૨૫, ૧૦.૨૫

**દબંગ-૩**
૧.૧૫, ૧૦.૧૦

**જુમાનજી-૨** - ૪.૪૦

**મર્દાની - ૨** - ૧૧.૫૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ગુડ ન્યુઝ**
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦

**ભંગરા પાલે**
૧૦.૩૦, ૧.૧૫, ૪.૩૦, ૧૦.૩૦

**સબ કુશલ મંગલ**
૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

**જી (ગુજરાતી)** - ૭.૧૫

## આજે ગાંધીનગરમાં

● મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨ અને બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨ અડાલજ સર્કલ પાસે, બપોરે ૧૨ કલાકે ત્રિમંદિર ખાતે યોજાશે.

● ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ સવારે ૯.૩૦ કલાક હેલિપેડ ગ્રાઉન્ડ સે-૧૭ ખાતે યોજાશે.

● રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા ડેન્ટલ કેમ્પ બપોરે ૨ થી ૩.૩૦ અને લાફટર યોગા ટ્રેનીંગ બપોરે ૩.૪૫ થી ૫.૩૦ દરમિયાન સે-૮ સ્થિત આદર્શ નિવાસી શાળા ખાતે યોજાશે.

## કોલવડા ખાતે શિવકથા યોજાશે

ગાંધીનગર, તા.૨

ધનુર્માસના પાવન દિવસોમાં કોલવડા ગામ સ્થિત નિલકંઠ મહાદેવ મંદિર ખાતે તા. ૫ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન દરરોજ બપોરે ૧.૩૦ થી ૫ દરમિયાન ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે શિવકથા યોજાશે. નગરજનોને શિવકથાનો લાભ લેવા સુંદરધામ પરિવાર દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. કરમશીભાઈ ગાંડાભાઈ રબારી, ઉ.વ. ૪૦
● સ્વ. હરેશ સુમનલાલ જાની, ઉ.વ. ૫૯
● સ્વ. વિનોદભાઈ બાબુભાઈ સોલંકી, ઉ.વ. ૩૨
● સ્વ. ભીખાજી જવાનજી ઠાકોર, ઉ.વ. ૪૮
● સ્વ. રાજુભાઈ સનાજી સોલંકી, ઉ.વ. ૩૦
● સ્વ. રાઠોડ પ્રવિણભાઈ ચંદુભાઈ, ઉ.વ. ૪૧